# પી.એચ.ડી.પરીક્ષાલક્ષી સૂચનાઓ

૧. Subject wise પરીક્ષા ONLINE લેવામાં આવશે.

૨. Ph.D. પરીક્ષા તા.૧૮/૩/૨૦૧૯ થી શરૂ કરવામાં આવનાર છે. ઉમેદવારે પોતાના લોગીન માં જઈને તારીખ,સમય અને સ્થળ પ્રમાણેનો વિગતવાર કાર્યક્રમ તથા પોતાની હોલટીકીટ ડાઉનલોડ કરી બે કોપીમાં પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.ડાઉનલોડ કરેલ હોલટીકીટ તથા કોઈપણ એક photo identify proof અસલ તથા (Xerox copy ) પરીક્ષામાં સાથે લાવવાનું રહશે.પરીક્ષા એકજ વખત લેવામાં આવશે હાજર નહી રહેનારની પરીક્ષા ફરીથી લેવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

હોલ ટીકીટ તા. ૧૩/૩/૨૦૧૯ પછી ડાઉનલોડ કરવી.

૩. પરિણામ જાહેર થયા બાદ રી– એસેસમેન્ટ કે રી–ચેકીંગની કોઈ વ્યવસ્થા કે જોગવાહી નથી.જે ધ્યાને લેશો.

## પરીક્ષામાટેની સૂચનાઓ

૧. પરીક્ષા યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકેલ માધ્યમ પ્રમાણે લેવામાં આવશે. અંગ્રજી પ્રશ્નપત્ર આધારભૂત માનવમાં આવશે.

૨. પરીક્ષાનો સમય ૧ કલાક અને ૩૦ મિનિટનો રહેશે.

૩. પરીક્ષામાં પાસ થવા ૫૦ % માર્કસ જરૂરી છે. SC,ST,SEBC (NON CREMILYER ) માટે 5% છૂટ રાખેલ છે. પરીક્ષામાં નેગેટીવ ગુણની પધ્ધતી નથી.

૪. પરીક્ષા વખતે વિધાર્થીએ તેની હોલટીકીટ (૨ કોપીમાં ) તથા ઓળખાણપત્ર અસલ ચૂંટણીકાર્ડ/ પાનકાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સ /પાસપોર્ટ,આધારકાર્ડ માંથી કોઈપણ એક તથા તેની નકલ સાથે રાખવી ફરજીયાત છે.

૫. સમગ્ર પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્ર સતત સી.સી.ટી.વી. કેમેરાની નજર હેઠળ રહેશે.

૬. પરીક્ષા હોલમાં પરીક્ષા શરૂ થયા બાદ પ્રવેશ આપવામાં આવશે નહી. વિધાર્થીઓએ પરીક્ષાકેન્દ્ર પર પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ વહેલા સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૭. જે વિધાર્થી પરીક્ષા સમયે હાજર નહી રહે તેને ગેરહાજર ગણવામાં આવશે.

૮. મોબાઈલ /સેલ ફોન ,ટેબલેટ , લેપટોપ,કેલ્કયુલેટર, બ્લ્યુટુથ ડીવાઈસ,સ્માર્ટઘડિયાળ તથા અન્ય ઈલેકટ્રોનીકસ ગેજેટ અથવા અન્ય મટીરીયલસ પરીક્ષા ખંડમાં લાવવા દેવામાં આવશે નહી, તથા આવા વિધાર્થીઓને પરીક્ષાકેન્દ્રમાં પ્રવેશ મળશે નહી. તેમ જ પરીક્ષાકેન્દ્ર ઉપર કોઈ વસ્તુ મૂકવાની સુવિધા રાખેલ નથી. જેધ્યાને લેશો.

૯. સમગ્ર પરીક્ષા દરમ્યાન પરીક્ષા અન્વયેની કોઈપણ પ્રકારની ગેરરીતી કરતા માલૂમ પડશે તો તેવા વિધાર્થી તત્કાલ ઉઠાડી મૂકવામાં આવશે અને Ph.D.પ્રવેશ પરીક્ષામાંથી બાકાત કરવા અંગે યુનિવર્સિટીનો નિર્ણય અંતીમ રહેશે.

૧૦. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો નિર્ણય ઉપરની દરેક બાબતમાં આખરી અને દરેક વિધાર્થીને માન્ય તથા ગ્રાહય રાખવાનો રહેશે.

**૧૧. યુનિવર્સિટી ધ્વારા કોઈ વધારાનું મહેકમ કે અલગ વ્યવસ્થા ન હોઈ યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવામાં આવેલી પરીક્ષા અંગેની તમામ માહિતી જ પ્રમાણભૂત માની દરેક પરીક્ષાર્થીઓએ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.**

**૧૨. પરીક્ષા કેમ્પસમાં અનઅધિકૃતવ્યકિતએ પ્રવેશ કરવો નહી. પરીક્ષા આનુષંગિક કોઈપણ પ્રકારની ગેરવર્તણૂક કરવી નહી.**

**૧૩. પરીક્ષાર્થી ધ્વારા કે અન્ય કોઈ ધ્વારા પરીક્ષા કેમ્પસનો AUDIO/VIDEO CLIP ઉતારી શકશે નહિ. અનઅધિકૃત ક્રિયા કરનાર સામે શિક્ષાત્મક કે ફોજદારી ગૂનો થઈ શકશે. વધુમાં અનઅધિકૃત કાર્ય કરનારની જાણ જે તે વિભાગ/ખાતાને તથા રાજય સરકારશ્રીને જરૂરી કાર્યવાહી માટે જણાવવામાં આવશે અને યુનિવર્સિટીના નિયમોનુસાર તે પરીક્ષાર્થીનું પરિણામ રદ કરી યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.**

**૧૪. ONLINE રજીસ્ટ્રેશન થી પરીક્ષાના પરીણામ જાહેર થયાબાદ પણ પરીક્ષાર્થી તરફથી ફોર્મ / ડોકયુમેન્ટ/પેમેન્ટ રીલેટેડ કોઈપણ પ્રકારની છુપાવવામાં આવેલ વિસંગત બાબત યુનિવર્સિટીના ધ્યાન ઉપર આવશે તો ત્યારે તેનું પરિણામ રદ કરવાનો અધિકાર યુનિવર્સિટીનો રહેશે. પરીક્ષા આનુષંગિક કોઈપણ બાબતમાં વિસંગતતા જણાશે તો કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને દરેકે તેને માન્ય રાખવાનો રહેશે.**

**૧૫. વિસ્યુઅલ હેંડિકેપ કેટેગરીના વિધાર્થીઓએ રાઈટર માટેની પરવાનગી અગાઉથી મેળવવાની રહેશે.**

**૧૬. આ પ્રવેશ પરીક્ષા સંબધીત અન્ય માહિતીઓ સમયાંતરે વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. વધુ માહિતી માટે વિધાર્થીઓએ વેબસાઈટની મુલાકાત કરવાની રહેશે.**

**વધુમાં તમામનું ન્યાયક્ષેત્રનું સ્થળ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ,પાટણ રહેશે.**

## <u>પરીક્ષા અંગેની ખાસઅગત્યની સૂચના</u>

૧. પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવ્યા બાદ પરીક્ષા પૂરી ન થાય ત્યાં સુધી વોશ રૂમ માટે કે કોઈપણ કારણોસર પરીક્ષા ખંડની બહાર જવા દેવામાં આવશે નહી.

૨. પરીક્ષા આપવા માટે ઉમેદવારની જન્મ તારીખની ખાસ જરૂરીયાત હોઈ રજીસ્ટ્રેશન ફોર્મમાં ભરેલ જન્મ તારીખને ખાસ યાદ રાખવી.પરીક્ષા આપવા માટેપરીક્ષા ખંડમાં જો શકય હોયતો રજીસ્ટ્રેશન ફોર્મની ઝેરોક્ષ લઈને આવવું.

૩. પરીક્ષા માટે આપ હાજર રહેશો પરતું આપના ધ્વારા પરીક્ષા દરમ્યાન કોમ્પ્યુટર LOGIN PROCESS નહી કરી શકો તો પરિણામમાં ABSENT આવશે. જે અંગેની ખાસ નોંધ લેવી.

## <u>પરીક્ષાર્થી બહેનો માટેની ખાસ સૂચના</u>

પરીક્ષાર્થી બહેનોએ પરીક્ષા આપવા માટે ફોર્મમાં ભરેલ નામનું જ એટલે કે ફોર્મમાં પતિનું નામ હોયતો પતિના નામનું અને જો પિતાનું નામ હોયતો પિતાના નામનું ઓળખ કાર્ડ અને તેની ઝેરોક્ષ લઈને આવવું . અન્યથા પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

**નોંધઃ** EDUCATION વિષયની પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા હાલ અન્ય વિષયો સાથે લેવાનાર નથી તેની પરીક્ષાની તારીખ અને વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે. ઉમેદવારોએ યુનિવર્સિટી વેબસાઈટ જોતા રહેવી.